પૂર્વાચાર્યવિરચિત

# संघस्वरूपकुलकम्-सार्थ

'केई उम्मग्गठियं, उम्मग्गपरुवयं बहु लोयं ।
दट्ठुं भणंति संघं, संघसरुवं अयाणंता ॥ १ ॥'

'सुहसीलाओ सच्छंदचारिणो वेरिणो सिवपहस्स ।
आणाभट्ठाओ बहुजणाओ, मा भणह संघुत्ति ॥२॥'

'સંઘના સ્વરૂપથી અજ્ઞાત લોકો ઉન્માર્ગમાં સ્થિર રહેલા તથા ઉન્માર્ગની પ્રરૂપણા કરતા ઘણા મનુષ્યોને જોઈને સંઘ કહે છે. ૧.'

'પરંતુ તે સંઘ કહેવાતો નથી, કારણ કે-સુખશીલીઆ, સ્વછંદાચારી, મોક્ષમાર્ગના વૈરી અને શ્રી જિનેશ્વરની આજ્ઞાથી બાહ્ય-એવા સમૂહને સંઘ ન કહેવાય. ૨.'

'अम्मापियसारित्थो सिवघरथम्भो य होई सुसंघो।
आणाबज्झो संघो, सप्पुव्वभयंकरो इण्हि ॥ ३ ॥'

'સુસંઘ માતાપિતાની સરખો છે, મોક્ષરૂપી ઘરના સ્થંભભૂત છે અને શ્રી જિનેશ્વરની આજ્ઞાથી બાહ્ય સંઘ આ સંસારમાં ભયંકર સર્પ જેવો છે. ૩.'

'असंघं संघं जे, भणंति रागेण अहव दोसेण ।
छेओ वा मूलं वा, पच्छित्तं जायए तेसिं ॥ ४ ॥'

'રાગ અથવા દ્વેષથી અસંઘને સંઘ કહેનારને છેદ અથવા મૂલ પ્રાયશ્ચિત્ત આવે છે. ( દશ પ્રકારના પ્રાયશ્ચિત્તમાંથી આ સાતમું ને આઠમું પ્રાયશ્ચિત્ત છે. ) ૪.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'काउण संघसद्द–अववहारं कुणंति जे केऽवि ।
पप्फोडियसउणीअंडगं व ते हुंति निस्सारा ॥ ५ ॥'

'સંઘ શબ્દને વાપરે છે અને સંઘને પ્રતિકૂળ વ્યાપાર કરે છે અર્થાત્ અશુદ્ધ વ્યવહાર ચલાવે છે, તે જીવો ફુટી ગયેલા પક્ષીના ઇંડાની જેવા નકામા છે–સાર વગરના છે. ૫.'

'संवसमागममिलिया जे समणा गारवेहिं कज्जाई ।
साहिज्जेण करिंतीं, सो संघाओ न सो संघो ॥ ६ ॥'

'સંઘની અંદર મળેલા સાધુઓ રસ તથા ઋદ્ધિ આદિ ગારવના કારણવડે સંઘને સ્વાધીન કરે તો તે સંઘાત છે, પરંતુ સંઘ નથી. ૬.'

'जो साहिज्जे वट्टइ, आणाभंगे पवट्टमाणाण ।
मणवायाकाएहिं, समाण दोसं तयं बिंति ॥ ७ ॥'

આજ્ઞાભંગમાં પ્રવર્તતા એવા સાધુની સહાયમાં મન–વચન–કાયાના યોગવડે જે સાધુ વર્તે છે, તે બંનેને આજ્ઞા-ભંગ–સમાન દોષવાળા કહ્યા છે. ૭.'

'आणाभंगं दट्ठुं, मज्झत्था णो उठंति जं तुसिणी ।
अविहिअणुमोयणाए, तेसिंपि य होइ वयलोवो ॥८॥'

'આજ્ઞાભંગના પ્રસંગને જોઈને જે મધ્યસ્થ પુરુષો તેનું નિવારણ કરવા ઊઠતા નથી અને મૌન ધારણ કરે છે, તેઓને પણ અવિધિની અનુમોદનાવડે વ્રતનો લોપ થાય છે.૮.'

'तेसिंपि य सामन्नं, भट्ठमग्गवयाय ते हुंति ।
जे समणा कज्जाइं, चित्तरक्खाए कुव्वंति ॥ ९ ॥'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'જે સાધુ ચિત્તની અનુકૂળતા માટે સંઘને સ્વાધીન કાર્યો કરે છે અર્થાત્-સ્વચ્છંદપણે કાર્યો કરે છે, તે સાધુનું શ્રામણ્યપણું ભ્રષ્ટ થયું છે-તે ભગ્નવ્રતવાળા થયા છે. ૯.'

'ता तित्थयराराहणपरेण, सुयसंघभत्तिमंतेण ।
आणाभट्ठजणम्मि य, अणुसट्ठी सव्वहा देया ॥१०॥'

'શ્રી તીર્થંકરની આરાધનામાં તત્પર, તેમજ શ્રુત-સંઘની ભક્તિમાં તત્પર-એવા સંઘે આજ્ઞાભ્રષ્ટ એવા જનને હંમેશાં શિક્ષા આપવી જોઈએ. ૧૦.'

'सव्वोऽवि नाणदंसणचरणगुणविभूसियाण समणाणं ।
समुदाओ होइ संघो, गुणसंघाउत्ति काऊणं ॥११॥'

'સર્વ એવા જ્ઞાન-દર્શન-ચારિત્રગુણથી વિભૂષિત સાધુઓનો સમુદાય જ સંઘ થાય છે, કારણ કે-સંઘ તે ગુણથી જ યુક્ત હોવાનો છે. ૧૧.'

'इक्कोऽपि नायवाई, अवलंबतो विशुद्धववहारं ।
सो होइ भावसंघो, जिणाणमाणं अलंघतो ॥१२॥'

'એક પણ ન્યાયવાદી વિશુદ્ધ વ્યવહારને અવલંબન કરતો અને શ્રી જિનેશ્વરની આજ્ઞાને નહિ ઉલ્લંઘન કરતો હોય, તે ભાવસંઘ થાય છે. (કહેવાય છે.) ૧૨.'

'इक्को साहू इक्का साहूणी, सावओ य सड्ढी य ।
आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ॥१३॥'

'એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી યુક્ત હોય તો તે સંઘ છે, સિવાયના-જિનાજ્ઞાથી રહિત હાડકાંનો ઢગલો છે. ૧૩.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

' निम्मलनाणपहाणो, दंसणसुद्धो चरित्तगुणवंतो ।
तित्थयराण वि पुज्जो, वुच्चइ एयारिसो संघो ॥१४॥'

' નિર્મળ જ્ઞાનથી પ્રધાન, દર્શનથી શુદ્ધ, ચારિત્ર-ગુણવાળો, શ્રી તીર્થંકરને પણ પૂજ્ય–એવા પ્રકારના સંઘને **સંઘ** કહેવાય છે. ૧૪.'

' आगमभणियं जो पन्नवेइ, सद्दहइ कुणइ जहसत्ति ।
तयलुक्कवंदणिज्जो, दुसमकालेऽवि सो संघो ॥१५॥'

' આગમમાં જે કહ્યું હોય તે કહે, તેની શ્રદ્ધા ધારણ કરે અને શક્તિ મુજબ આચરણમાં મૂકે–એવો સંઘ દૂષમ-કાળમાં પણ ત્રણેય લોકને વંદન કરવા યોગ્ય છે. ૧૫.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org